## એલોટમેન્ટ લેટર

તારીખ- /૧૦/૨૦૧૭.

પ્રતિ,

.

રહેવાસી-

.

અમદાવાદ.

જત જીલ્લે અમદાવાદ તાલુકો મણીનગરના અમદાવાદ-૭ (ઓઢવ વિભાગ) ના મોજે મીઠીપુરની સીમના રેવન્યુ સર્વે નંબર-૩૦ પૈકી અને ટી.પી. સ્કીમ નંબર-૭ ના ફાઈનલ પ્લોટ નંબર-૧ પૈકી ખાતા નંબર-૨૭૬ પૈકી ચોરસમીટર-૨૮૮૬ ની જમીનમાં ખોખરા, એપરલપાર્કની બાજુમાં, "માનસી એપરલ પાર્ક" ના નામની યોજના અમોએ મુકેલ છે.

સદર યોજનાના પ્લાન મંજુર થયા તારીખથી માસ-...... (......) માં સદર યોજનાનુ બાંધકામ સંપૂર્ણ વપરાશલાયક સ્થિતીમાં અમારે અમારા ખર્ચે અને જોખમે કરવાનુ રહેશે અને આ અંગે જરૂરી બી.યુ. પરમીશન પણ અમારે મેળવી આપવાની રહેશે.

સદર "માનસી એપરલ પાર્ક" માં આવેલ હાઉસ નંબર-..... વાળી મીલકત તેમાં આવેલ ચોરસમીટર-....... ના ગ્રાઉન્ડ ફ્લોર, ચોરસમીટર-...... ના ફર્સ્ટ ફ્લોર, ચોરસમીટર-....... ના સેકન્ડ ફ્લોર તથા ચોરસમીટર-....... ના થર્ડ ફ્લોર અને ચોરસમીટર-....... ના ફોર્થ ફ્લોરના એમ મળી કુલ ચોરસમીટર-....... બિલ્ટઅપ એરીયા (ચોરસમીટર-....... ના ગ્રાઉન્ડ ફ્લોર, ચોરસમીટર-....... ના ફર્સ્ટ ફ્લોર, ચોરસમીટર-....... ના સેકન્ડ ફ્લોર તથા ચોરસમીટર-....... ના થર્ડ ફ્લોર અને ચોરસમીટર-....... ના ફોર્થ ફ્લોરના એમ મળી કુલ ચોરસમીટર-....... કાર્પેટ એરીયા) ના બાંધકામ વાળી મીલકત તમોને એલોટ કરેલ છે (જેને આ લેટરમાં "સદર મીલકત" એ રીતે સંબોધવામાં આવશે).

સદર મીલકતની ઉચ્ચક કિંમત રૂા. અંકે રૂપિયા પુરા નક્કી કરવામાં આવેલ છે જે રકમમાં સદર મીલકતની જમીનફાળા તથા બાંધકામફાળાની રકમનો સમાવેશ થઈ જાય છે.

સદર કિંમત પેટે રૂા. અંકે રૂપિયા પુરા તમોએ અમોને આપેલ છે, જયારે બાકીની અવેજની રકમ નક્કી થયા મુજબ તમારે અમોને ચુકવવાની છે. પરંતુ જો તેવી બાકીની રકમ ચુકવવામાં તમો નિષ્ફળ જાવ તો તેવા સંજોગોમાં આ લેટર આપોઆપ રદબાતલ ગણાશે અને તેવા સંજોગોમાં તમોએ અમોને જે રકમ ચુકવેલ હોય તે રકમમાંથી આ લેટરની

રૂઈએ અમોને મળેલ રકમ ફોરફીટ કરવામાં આવશે જયારે બાકીની રકમ અમો તમોને વગર વ્યાજે પરત આપીશુ અને ત્યારબાદ આ લેટરની રૂઈએ સદર મીલકત અંગે તમારા કોઈ હક્ક રહેશે નહિં.

સદર મીલકત અંગે આજ અગાઉ સર્વિસ ટેક્ષ, વેટ અન્વયે વેરાની જે કાંઈ રકમ સરકારશ્રીને ચુકવેલ હોય તે રકમ તમારે અમોને જુદી ચુકવી દેવાની રહેશે તેમજ સદર મીલકત અંગે જીએસટી અન્વયે ઉપસ્થિત થનાર વેરાની જવાબદારી પેટે જે કાંઈ રકમ વખતો-વખત સરકારશ્રીને ચુકવવામાં આવે તે રકમ તમારે અમોને જુદી ચુકવી દેવાની રહેશે તેમજ ટોરેન્ટ પાવર લિમિટેડ અને એ.એમ.સી. ના વરાડે ખર્ચ તથા સરકારી, અર્ધ-સરકારી વેરા પણ તમારે જુદા ભોગવવાના રહેશે, તેવી તમામ રકમ સદર મીલકત અંગે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ થાય તે પહેલા તમારે અમોને ચુકવી દેવાની રહેશે તેમજ સદર મીલકતના વેચાણ દસ્તાવેજ અંગેનુ સ્ટેમ્પ, રજી.ફી, વકીલ ફીનુ ખર્ચ તથા અન્ય લીગલ ખર્ચ જે થાય તે તમારે જુદુ ભોગવવાનુ રહેશે અને સદર યોજના અંગે બી.યુ.પરમીશન મળેથી સદર મીલકતનો કબજો તમોને સોંપવામાં આવશે.

સદર યોજનાના જમીનના ટાઈટલ ડીડઝ, બાંધકામ અંગેના પ્લાન, બીનખેતીની પરમીશન તથા જરૂરી સરકારી પરવાનગીઓની તમોએ જાણકાર વ્યક્તિ મારફતે ખાત્રી અને ચકાસણી કરી કરાવી લીધેલ છે.

સદર મીલકતના બાંધકામમાં વાપરવામાં આવનાર મટીરીયલ, સેનેટરી ફીટીંગ્સ તથા અન્ય વસ્તુઓ અંગેનુ જે સ્પેસીફીકેશન નક્કી કરેલ છે, જેની યાદી તમોએ વાંચી સમજી લીધેલ છે તેમ છતા તેવા સ્પેસીફીકેશન મુજબના બાંધકામ અંગે ચાલુ યોજના દરમ્યાન કોઈપણ મેન્યુફેકચરીંગ કંપની બંધ થઈ જાય અને તેને કારણે અન્ય કંપનીનુ મટીરીયલ મંગાવવામાં આવે અને તેને કારણે કલર શેડ કે કવૉલીટીમાં કોઈપણ ફેર પડે તો તે અંગે ભવિષ્યમાં તમારે કોઈ વાંધો તકરાર લેવાનો નથી.

---------------------------